PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૬/કવા–૦૪/૧૬–૧૭/ 3285 તા. 16/08/17

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
નિલેશભાઈ ભીખાભાઈ જસાણી,
C/O, પાર્થ ઈલેક્ટ્રીકલસ,
ખટારા સ્ટેન્ડ ચોક,
ગોંડલ
મો: ૯૯૭૯૦ ૪૫૨૪૯

**વિષય :–નવા ખેત જોડાણ મા રીફંડ લેવા બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૦૪–૦૩–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૬૬/કવા–૦૪/૧૬–૧૭)**

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. 7)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ગોંડલ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી ન.–૧, ગોંડલ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 01/A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૬૬/ક્વા–૦૪/૧૬–૧૭ | કમિટી મીટીંગ: તા. ૧૩–૦૪–૧૭ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

અરજદાર (ફરીયાદી): નામ: નિલેશભાઈ ભીખાભાઈ જસાણી, ગામ: રાજકોટ

રજુઆત કરનાર: અરજદાર શ્રી ના ભાઈ નીતીનભાઈ ભીખાભાઈ જસાણી હાજર રહેલ હતા.

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી ન.–૧, ગોંડલ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી ગોંડલ)

રજુઆત કરનાર :વી.જી.મારકણા (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી ગોંડલ)

## : હુકમ :

**ફરીયાદ : નવા ખેત જોડાણ મા રીફંડ લેવા બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના ગામ: બાંદરા ખાતે ના ખેતીવાડી સર્વે નંબર : ૨૮ પૈકી ૧ પૈકી ૧ મા, પીજીવીસીએલ તરફથી મંજુર કરાયેલ નવા ૭.૫ હોપા ના ખેતીવાડી વીજજોડાણ ની મંજુરી અન્વયે ના, માંગેલ વીજભાર સામે, તેટલી જ ક્ષમતા વાળા ટ્રાન્સફોર્મર નુ ખર્ચ વસુલવાની બાબત, પીજીવીસીએલ મા નિયમાધીન છે. જે મુજબ, તેઓ શ્રી ના મંજુર કરાયેલ ૭.૫ હોપા ના વીજભાર વાળા નવા તત્કાલ ખેતીવાડી વીજજોડાણ માટે, ૭.૫ હોપા ના વીજભાર સામે તેને આનુષાંગીક એવા ૧૦ કેવીએના ટ્રાન્સફોર્મર ની કીમત રૂ.૬૨,૭૫૩/– વસુલાત ને પાત્ર હોવા છતા, પીજીવીસીએલ તરફથી, તેઓ શ્રી પાસેથી, ૧૦ કેવીએ ના ટ્રાન્સફોર્મર ની કીમત ને બદલે, ૨૫ કેવીએના ટ્રાન્સફોર્મર ની કીમત વાળુ રકમ રૂ.૯૩,૮૬૩/– નુ તા.૨૩–૦૨–૧૬ ના રોજ, ભાવપત્રક નં. ૧૬૧૯ આપેલ હતુ. જેતે સમયે તેઓ શ્રી એ, સદર ૨૫ કેવીએ ના ટ્રાન્સફોર્મર ની કીમત વાળા ભાવપત્રક ની રકમ તા.૦૧–૦૩–૧૬ ના રોજ પીજીવીસીએલ મા ભરપાઈ કરી આપેલ છે. પરંતુ, તેઓ શ્રી પાસેથી, ૧૦ કેવીએના ટ્રાન્સફોર્મર ની કીમત ખરેખર રૂ.૬૨,૭૫૩/– હોવા છતા, અને ૧૦ કેવીએ ના ટ્રાન્સફોર્મર ની કીમત ૬૨,૭૫૩/– વસુલવાને બદલે, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, '' રૂ.૬૨,૭૫૩/– ને બદલે રૂ.૯૩,૮૬૩/– ''ની કીમત વસુલ કરેલ છે. આ બાબત, પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય અને વ્યાજબી ન હોય, પીજીવીસીએલ તરફથી તેઓ શ્રી ની પાસેથી, રૂ.૩૧,૦૮૦/– ( રૂ.૯૩,૮૬૩ – રૂ.૬૨,૭૫૩=રૂ.૩૧,૦૮૦) જે વધુ વસુલ કરેલ છે. તે રકમ રૂ.૩૧,૦૮૦/– ની વસુલાત ગેરવ્યાજબી હોય, સદર રકમ રીફંડ મેળવવા માટે, વધુ અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી ના ગામ: બાંદરા ખાતે ના ખેતીવાડી સર્વે નંબર : ૨૮ પૈકી ૧ પૈકી ૧ મા, અગાઉ સામાન્ય યોજના હેઠળ ના નવા ૭.૫ હોપા ના ખેતીવાડી વીજજોડાણ ની અરજી, જે તા.૨૫–૦૯–૧૩ ના રોજ નોંધાવેલ હતી. ત્યારબાદ, અરજદાર શ્રી એ સદર અરજી ને, '' તત્કાલ ખેતીવાડી યોજના '' હેઠળ તા.૧૧–૦૪–૧૫ ના રોજ તબ્દીલ કરાવેલ હતી. પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી,સદર તત્કાલ ખેતીવાડી યોજના હેઠળ ની, અરજદાર શ્રી ની અરજી પરત્વે સર્વેક્ષણ કામગીરી હાથ ધરાતા સમયે, અરજદાર શ્રી ની માંગણી મુજબ ના કુવા ની બીલકુલ બાજુ મા જ, તેઓ શ્રી ના પડોશી શ્રી જગદીશભાઈ રણછોડભાઈ જસાણી ના ૧૦ હોપાના જોડાણ માટે નુ હૈયાત ૧૦ કેવીએ નુ ટ્રાન્સફોર્મર જણાયેલ હતુ. અને અરજદાર શ્રી ની માંગણી મુજબ નો કુવો / બોર, તેમજ પડોશી શ્રી જગદીશભાઈ રણછોડભાઈ જસાણી ના હૈયાત ૧૦ હોપાના જોડાણ વાળો કુવો / બોર બન્ને નજદીક મા જ હોય, આવા કારણોસર, અરજદાર શ્રી ની માંગણી મુજબ ના ૭.૫ હોપા ના વીજભાર, જે શ્રી જગદીશભાઈ રણછોડભાઈ જસાણી ના હૈયાત જોડાણ ના ૧૦ હોપા ના વીજભાર વાળા હૈયાત ૧૦ કેવીએ ના ટ્રાન્સફોર્મર પર નાખતા, આ બન્ને જોડાણો નો કુલ |

| | |
|---|---|
| | વીજભાર ૧૭.૫ હોપા નો થતા, આ સમયે, માંગણી મુજબ ના સ્થળ પર હૈયાત જોડાણ ના ૧૦ હોપા ના વીજભાર સામે ના હૈયાત ટ્રાન્સફોર્મર ની ૧૦ કેવીએ ની ક્ષમતા મા વધારાના ૭.૫ હોપા નો વીજભાર વધારો થતા, કુલ ૧૭.૫ હોપા નો વીજભાર થતા, હૈયાત એવા ૧૦ કેવીએ ના ટ્રાન્સફોર્મર ને ૧૦ કેવીએ માથી ૨૫ કેવીએ ની ક્ષમતા મુજબ, ઓગમેન્ટેશન કરવાની બાબત, તાંત્રીક રીતે જરૂરી જણાયેલ હતી. |
| **૨.૨** | આમ, ઉપરોક્ત મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે ની તાંત્રીક દ્રષ્ટીની યોગ્યતા ઓ ના કારણોસર, અરજદાર શ્રી ના સદર નવા ૭.૫ હોપા ના તત્કાલ જોડાણ માટે, પીજીવીસીએલ તરફથી, ૧૦ કેવીએ ના ટ્રાન્સફોર્મર ને બદલે, ૨૫ કેવીએ નુ ટ્રાન્સફોર્મર ઉભુ કરવાની જરૂરીયાત, પીજીવીસીએલ ને જણાયેલ હતી. આવા કારણોસર, પીજીવીસીએલ તરફથી મંજુર કરાયેલ નવા ૭.૫ હોપા ના ખેતીવાડી વીજજોડાણ ની મંજુરી અન્વયે ના, ૨૫ કેવીએ ના ટ્રાન્સફોર્મર ની કીમત વાળુ રકમ રૂ.૯૩,૮૬૩/– ભાવપત્રક નં.: ૧૬૧૯ તા.૨૩–૦૨–૧૬ થી અરજદાર શ્રી ને અપાયેલ હતુ. જેની રકમ અરજદાર શ્રી એ તા.૦૧–૦૩–૧૬ ના રોજ પીજીવીસીએલ મા ભરપાઈ કરી આપેલ છે. આમ, અરજદાર શ્રી પાસેથી જે તે સમયે ૨૫ કેવીએ ના ટ્રાન્સફોર્મર ની કીમત અન્વયે અપાયેલ ભાવપત્રક ની બાબત, પીજીવીસીએલ ના નિયમાધીન છે. તે મુજબ નુ અત્રે તરફથી મંતવ્ય રજુ કરવામા આવે છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧.૧ મા વર્ણવ્યા મુજબ ની વિગતે ની ફરીયાદ અરજી, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં. ૨.૧ અને ૨.૨ મા વર્ણવ્યા મુજબ ની વિગતો, તેમજ બન્ને પક્ષકારો તરફથી ફોરમ કમિટી સમક્ષ કરાયેલ રૂબરૂ ચર્ચા, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | ફરીયાદી અરજદાર શ્રી એ, તેઓ શ્રી ના મંજુર કરાયેલ એવા, નવા ૭.૫ હોપા ના વીજભાર વાળા તત્કાલ યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ માટે, જે તે સમયે અને હાલ ના તબ્બકે પણ, પીજીવીસીએલ મા પ્રવર્તમાન એવી નવા તત્કાલ જોડાણ આપવા બાબતે ની નિયમાધીન પ્રક્રીયાઓ અને ધોરણો મુજબ – નવા તત્કાલ જોડાણકારો પાસેથી, તેમની માંગણી મુજબ ના વીજભાર ની સામે યોગ્ય / યર્થાથ એવા ટ્રાન્સફોર્મર ની કીમત જ વસુલાત ને પાત્ર છે. આ નિયમાધીન પ્રણાલી મુજબ, અરજદાર શ્રી ના સદર ૭.૫ હોપા ના વીજભાર વાળા જોડાણ માટે, ૧૦ કેવીએ નુ ટ્રાન્સફોર્મર, જે નિયમાધીન રીતે યોગ્ય / યર્થાથ ક્ષમતા પ્રમાણે નુ જ ગણતરીને પાત્ર છે. આ બાબત, પીજીવીસીએલ મા નિયમાધીન બાબતો હેઠળ ની પ્રણાલી અંતર્ગત ની છે. |
| **૩.૨** | આમ, ઉપરોક્ત મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે ની, પીજીવીસીએલ પક્ષકાર ની, નિયમાધીન અંતર્ગત ની ભુલ ને, ભુલ સુધારણા ના ભાગરૂપ આવરી લઈ, અને અરજદાર શ્રી પાસેથી, જે તે સમયે તેઓ શ્રી ના ૭.૫ હોપા ના જોડાણ માટે, જે ૨૫ કેવીએ ના ટ્રાન્સફોર્મર ની કીમત ખરેખર, '' રૂ.૯૩,૮૬૩/– જે વસુલાત કરાયેલ છે. તે યોગ્ય અને વ્યાજબી ન હોવાના કારણોસર વસુલાત પાત્ર ને પાત્ર નથી. પરંતુ ૭.૫ હોપા ના જોડાણ માટે ખરેખર જે તે સમયે ૧૦ કેવીએ ના ટ્રાન્સફોર્મર ની કીમત વસુલાત ને પાત્ર હોવાની બાબત નિયમાધીન છે. આવા કારણોસર, પીજીવીસીએલ તરફથી અગાઉ, બીન નિયમાધીન રીતે વસુલ થયેલ એવી વધારાની રકમ ( જે અગાઉ વસુલ કરાયેલ એવી ૨૫ કેવીએના ટીસી ની રકમ રૂ.૯૩,૮૬૩/– માથી નિયમાધીન ૧૦ કેવીએ ના ટીસી ની ખરેખર વસુલાત ની રકમ બાદ કરતા, બાકી રહેતી એવી પરત આપવા પાત્ર રકમ) જે અરજદાર શ્રી ને, '' કોઈપણ પ્રકાર ની રીફંડ ની લેખીત અરજી મેળવ્યા વગર – તેમજ જોડાણ ના બીલીગ ખાતામા પણ જમા કર્યા વગર – માત્ર ચેક મારફત જ'', અરજદાર શ્રી ને લેખીત પત્ર સાથે ચેક, જે દિન–૧૫ મા જ, અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ મોકલાવવા / તેમજ આ બાબતે અરજદાર શ્રી ને ટેલીફોનીક જાણકારી આપી અને કચેરી મા રૂબરૂ બોલાવી અને રૂબરૂ ચેક આપવા, અને તે મુજબ નો અહેવાલ અત્રેના ફોરમ સમક્ષ દિન–૨૦ મા રજુ કરવા બાબતે નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૩** | આમ, ઉપરોક્ત મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે ની બાબત ની કાર્યવાહી, જે નિયમાધીન હોવા છતા, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, સદર નિયમાધીન બાબતો ને અનદેખી કરીને, અથવા પેટા વિભાગીય કચેરી ના સક્ષમ અધિકારી ની સદર બાબતે ના નિયમ ની જાણકારી નો અભાવ હોવાના કારણોસર, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, ફરીયાદી અરજદાર શ્રી પાસેથી '' ૧૦ કેવીએ ના ટ્રાન્સફોર્મર ની કીમત ને બદલે ૨૫ કેવીએ ના ટ્રાન્સફોર્મર ( ઓગમેન્ટેશન હેઠળ ) ની કીમત '' વસુલ થયેલ છે. આ બાબત, રેકર્ડ આધારીત રીતે સ્પષ્ટ થયેલ છે. જે ફોરમ કમિટી ને નિયમાધીન યોગ્ય અને વ્યાજબી જણાયેલ નથી. પીજીવીસીએલ ની આ મુજબ ની કાર્યવાહી થી, ફરીયાદી અરજદાર શ્રી ને, પીજીવીસીએલ તરફથી અન્યાય / અસંતોષ રહેવાના કારણોસર જ સવાલવાળી ફરીયાદ, ફોરમ સમક્ષ રજુ કરવાની ફરજ પડેલ છે. આમ, આ મુજબ ની, વીજકંપની ના ગ્રાહકો ની વીજકંપની ની સેવાઓ બાબતે ની દુર્લક્ષતા અનુ ખામસ યુક્ત કામગીરી સામે ની વીજકંપની ના ગ્રાહકો ની, વીજકંપની ના ગ્રાહકો મા વીજકંપની ની સેવા પ્રત્યે અસંતોષ રહેતો હોવાની બાબત ને ફોરમ કમિટી તરફથી ગંભીર નોંધ હેઠળ આવરી લેવાયેલ |

| | |
|---|---|
| | છે. અને ભવિષ્ય મા આ મુજબ ની આવી અતી સામાન્ય બાબતો મા, પીજીવીસીએલ ની પ્રસ્થાપિત નિયમાધીન પ્રણાલ નો ભંગ ન થાય, તે માટે કાર્યક્ષેત્ર હેઠળ ની તમામ કચેરીઓને તાકીદ લેવા માટે, સક્ષમ એવી ગ્રામ્ય વર્તુળ કચેરી - રાજકોટ ના અધિક્ષક ઈજનેર શ્રી સમક્ષ આ બાબત ની નોંધ મુકી અને ફોરમ કમિટી તરફથી જાણકારી આપવામા આવે છે. |

**<u>મુદ્દા નં.–૪ :</u>** **<u>હુકમ</u>**

| | |
|---|---|
| **<u>૪.૧</u>** | સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૨ મુજબ ની વિગતે, અરજદાર શ્રી પાસેથી, પીજીવીસીએલ તરફથી અગાઉ, બીન નિયમાધીન રીતે વસુલ થયેલ એવી, વધારાની રકમ ( જે અગાઉ વસુલ કરાયેલ એવી ૨૫ કેવીએના ટીસી ની રકમ રૂ.૯૩,૮૬૩/– માથી નિયમાધીન ૧૦ કેવીએ ના ટીસી ની ખરેખર વસુલાત ની રકમ બાદ કરતા, બાકી રહેતી એવી પરત આપવા પાત્ર રકમ) જે અરજદાર શ્રી ને, '' કોઈપણ પ્રકાર ની રીફંડ ની લેખીત અરજી મેળવ્યા વગર – તેમજ જોડાણ ના બીલીંગ ખાતામા પણ જમા કર્યા વગર – માત્ર ચેક મારફત જ'', અરજદાર શ્રી ને લેખીત પત્ર સાથે નો ચેક, અથવા તો આ બાબતે અરજદાર શ્રી ને ટેલીફોનીક જાણકારી આપી અને કચેરી મા રૂબરૂ બોલાવી અને દિન–૧૫ મા જ – રૂબરૂ ચેક આપવા, અને તે મુજબ નો અહેવાલ અત્રેના ફોરમ સમક્ષ દિન–૨૦ મા રજુ કરવા બાબતે નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા હુકમ થયેલ છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(એચ.પી.કોઠારી)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, **નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ,** આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" **સમક્ષ લેખિત** અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા **૩૩% રકમ** પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..